## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

સ્તબ્ધ ઉભા પ્હાડને હું એકલો,
સાવ ખુલ્લું આભ ને હું એકલો.
બારસાખે તોરણો ઝૂર્યા કરે,
બારણે શુભ-લાભને હું એકલો.

- અલ્પ ત્રિવેદી

### પાથેય

## વિતેલી વસંત...

- રમેશ ઠક્કર

માણસ નામનું આખું જે પેકેજ ઈશ્વરે મુક્યું છે એમાં સૌથી મોંઘી જો કોઈ ચીજ હોય તો એ ખુમારી છે..એની વિશેષતા એ છે કે એ આપોઆપ પ્રગટે છે..દુનિયામાં બધું વેચાતું મળે..ઉછીનું મળે પણ માણસનો ખુમારીભાવ જે હોય છે એ પોતીકો જ હોઈ શકે..!

આજના માણસની જો કોઈ મોટી સમસ્યા હોય તો એ છે કે એને પોતે લૂંટાઈ જવાનો ડર છે..એ અંદરથી ભયભીત છે..અસલામતીનો ઓથાર એની રગરગમાં વ્યાપી ગયો છે...એક જમાનામાં જગત ભલે આટલું વૈભવશાળી ન હતું પણ માણસ ટકોરાબંધ હતો..સાવ હાથપગે લોટી અને દોરો લઈને નિકળી પડતો માણસ મોટો શેઠ બનીને પાછો આવે કે નામાંકિત વ્યકિત બની જગતમાં પોતાનું નામ કરી જાય એવી કથાઓ વાતવાતમાં સાંભળવા મળતી..આજે આવા કિસ્સા સાંભળવા દુર્લભ છે..ઘેરથી બધી રીતે સજાવી ધજાવીને મોકલેલો તરૂણ એકાદ માર્ક ઓછો મળતાં પણ કડડભૂસ બનીને ફસકાઈ પડે છે..

આરોહ અને અવરોહ એ આયખાના અનિવાર્ય આયામો છે..હાથમાં આવેલુ બધું જ કાયમ હાથમાં રહે એવું કોઈનાય જીવનમાં બનતું નથી..ઐશ્વર્ય કયારેક વિપદાઓ વચ્ચે ઢંકાઈ જતું હોય છે...વસંતમાં પૂરબહારમાં ખીલેલાં સુગંધી પુષ્પો પાનખરમાં ટપોટપ ખરી પડે છે..પણ સુકાં પાંદડાં એની શ્રધ્ધા ગુમાવતાં નથી..કુદરતમાં જયારે પણ કોઈ પડકારરૂપ ઘટના કે આપત્તિજનક બનાવ બને છે ત્યારે એની સામે ટકી રહેવાનાં પરિબળો પણ આપોઆપ સામે આવી જાય છે..સૂકાઈ ગયેલા ઠૂંઠાની છટા જુઓ..

**'ખુશ્બુ હજી બાકી છે જો સૂંઘી શકો મને,**
**હું પાનખર નથી..હું વિતેલી વસંત છું..!**

બસ આનું નામ જ કહેવાય જોસ્સો..! પાનખર પોતાની ઓળખ વિતેલી વસંત તરીકે આપે એને કહેવાય લડાયક મનોબળ..આવા લોકોના જીવનમાં આઠો જામ ખુમારી છલકતી હોય છે..જે રોતો જાય એ હંમેશાં મરણના ખબર લઈને આવતો હોય છે..એવું કહેવાય છે કે મોટાંમોટાં યુધ્ધો કે મુકાબલાઓ શસ્ત્રસામગ્રી કે આયુધોથી નથી જીતી શકાતાં..એમાં તો પહેલો ઘા રાણાનો જોઈએ..ધસમસતી ઈચ્છાઓ હોવી જોઈએ..જીવન પણ એક જંગ છે. પોતાની પાસે બધો જ વૈભવ હોય પણ જો અડગ વ્યકિતત્વ ના હોય તો.? વૈભવ વચ્ચે વિહરતા મુફલિસ જેવું એનું જીવન હોય..!

આપણે ધન દોલત કે કીર્તિનાં કોટડાં ચણતા રહીએ...પણ આપણી અંદરની મ્હોલાતને મારતા રહીએ છીએ... બધું પામવા છતાં પણ આપણે કશુંક માગવું હોય છે... જે મળ્યું છે એનો હિસાબ કે આનંદ હોતો નથી. આપણે તો એવા માણસો છીએ કે ભર વસંતમાં બેઠા હોઈએ તો પણ ગઈકાલની હું પાનખર છું એમ માની નિરાશ થતા રહીએ છીએ..! માણસનો શણગાર એનો ભૌતિક વૈભવ નહી પણ એનું અંદરનું ઓજસ હોય છે !

ધરતીને સદાય નવયૌવના હોવાનો ગર્વ છે..ઝાડપાંદડાં ખરે છે પાછાં ફરફરે છે...અગનઝાળ વચ્ચે હસી હસી ફુલ ઝરતું ગુલમોર એ ખુમારીનું ખંડકાવ્ય છે..આકાશના અનેક રંગ છે..ગમે ત્યારે ઘટાટોપ થઈ જવાનો એનો આશાવાદ એ જ એની વ્યાપકતા છે..યાયાવર પક્ષીઓને મુસાફરીનો થાક નથી લાગતો..એની આંખ સામે તો કોઈક અજાણ્યા તળાવની પાળ હોય છે... એક માણસ છે જે સંપત્તિ વચ્ચે પણ લૂંટાઈ ગયાનો અવસાદ ભોગવે છે...!

# અર્થતંત્રને પાટે ચડાવવા તજજ્ઞોની સલાહ

**તંત્રીસ્થાનેથી...**

દેશની આર્થિક પ્રગતિમાં પાયાની ઈંટ સમા પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહ અને અર્થશાસ્ત્રનું નોબેલ પ્રાઈઝ પ્રાપ્ત કરનાર અભિજિત બેનર્જી વર્તમાન આર્થિક અવદશા વિશે એક સરખા ઉદ્‌ગારો કાઢી રહ્યા છે ત્યારે વિકાસની ગુલબાંકો ફક્ત અને ફક્ત રાજકીય મજબૂરી છે એમ જ માનવું પડે. ચાઈનીઝ કોરોનાએ કમ્મર તોડી નાખ્યાં છતાં અર્થતંત્ર સાવ જ ખાડે નથી ગયું એ તો પૂર્વ નાણામંત્રી અને પ્રધાનમંત્રી ડૉ. મનમોહનસિંહ દ્વારા અમલી બનાવાયેલ ખુલ્લાપણાની ફલશ્રુતિ છે. બાકી હાલ જે પરિસ્થિતિ પ્રવર્તી રહી છે એ તો બહુ જ ચિંતાજનક છે. જેના બચવાની આશા ન છોડી હોય અન છતાં જે દરદી અત્યંત કટોકટીભરી નાજુક પરિસ્થિતિમાં આવી પડ્યો હોય - એવી આપણા અર્થતંત્રની વર્તમાન સ્થિતિનું પોતાની રીતે પૃથ્થકરણ કરતાં નોબેલ વિજેતા અર્થશાસ્ત્રીએ અમદાવાદ યુનિવર્સિટીના અગિયારમા દીક્ષાંત સમારોહને કરેલું વર્ચ્યુઅલ સંબોધન નેત્રદીપક છે. તેઓ પહેલાંથી ચોખવટ કરે છે કે હું કોઈને દોષિત ઠેરવવા નથી બોલી રહ્યો, પરંતુ મને જે સાચું લાગે છે તે જ જણાવી રહ્યો છું. દેશના અર્થતંત્રમાં સુધારો આવી રહ્યાના દાવા સરકાર અને બ્યુરોક્રસી એના સુનિશ્ચિત અને પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ અન્વયે કરી રહી છે. ત્યારે વિશ્વસ્તરના તજજ્ઞ અર્થશાસ્ત્રીની પીડા ઘણું બધું 'બિટ્‌વિન ધ લાઈન્સ' કહી જાય છે. તેઓ કહે છે કે આપણે અત્યંત પીડાદાયક સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ. દેશની અર્થવ્યવસ્થા હજુ પણ સને ૨૦૧૯ના વર્ષ કરતાં પણ નીચે છે. લોકો ભારે આર્થિક સંકટમાંથી આપણે બહાર આવી શક્યા નથી. અર્થતંત્રની આ નિર્બળ સ્થિતિને કારણે જનસાધારણની નાની આકાંક્ષાઓ વધુ નાની થઈ રહી છે. એમણે અમદાવાદ યુનિવર્સિટીમાંથી ડીગ્રી લઈને જતા વિદ્યાર્થીઓને સંબોધતા કહ્યું કે તમે એવા મુકામે પહોંચ્યા છો જ્યાંથી દેશને કંઈક પાછું આપી શકો. આપણે આર્થિક સ્તરે ઘણા નીચલા પાયદાન પર પહોંચી ચૂક્યા છીએ. અદલ આવી જ ચેતવણી પૂર્વ વડાપ્રધાન ડૉ. મનમોહનસિંહે આપી હતી. ઉદારીકરણના અગ્રદૂત તરીકે પોંખાયેલા અર્થશાસ્ત્રી વડાપ્રધાને ૧૯૯૧માં નાણામંત્રી તરીકે દેશને નવી દિશા ચીંધી હતી. વડાપ્રધાન પી.વી. નરસિંહરાવના મંત્રીમંડળમાં તેઓ એ શરત સાથે જોડાયા હતા કે એમની ખુલ્લી અર્થનીતિના અમલીકરણમાં રાજકારણ વચ્ચે નહીં આવે. તત્કાલીન વડાપ્રધાને એક નિષ્ણાંત અર્થશાસ્ત્રી તરીકે એમને છૂટો દોર આપી દેશની ખાડે ગયેલી આર્થિક વ્યવસ્થાને પાટા પર ચડાવવામાં મદદ કરી હતી. મનમોહનસિંહને વર્તમાન સ્થિતિ જોઈને ભારે વ્યથા પહોંચી છે દેશનું અર્થતંત્ર ફરી પાછું ૧૯૯૧ની નીચી સપાટીએ પહોંચી રહ્યું હોવાની દહેશત વ્યક્ત કરીને એમને સાવધાન રહેવાની ચેતવણી ઉચ્ચારી હતી. ચાઈનીઝ કોરોનાએ જિંદગીઓ અને નોકરીઓનો ભારે ભોગ લીધો છે. જેમાંથી ઉગરવા માટે કોરા સૂત્રો અને કેસરિયો પ્રચાર ખપ નહીં લાગે. એ માટે નવેસરથી ગંજીફો ચીપવો જ રહ્યો. મનમોહનસિંહે પ્રસિદ્ધ જર્મન સર્જક વિકટર હ્યુગોને ટાંકીને કહ્યું હતું કે જયારે કોઈ વિચારના અમલીકરણનો સમય પાકે છે ત્યારે પૃથ્વી પરની કોઈ તાકાત એને અટકાવી શકતી નથી. ૧૯૯૧ પછીના ઉદારીકરણના ત્રણ દાયકા દરમિયાન દેશ વિશ્વની આર્થિક મહાસત્તાઓની લગોલગ ચાલવા માંડ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખરેખર તો પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહનું વાવેલું લણી રહ્યા હતા. કોરોના પ્રત્યે બેદરકારી દાખવવાને કારણે અનેક જિંદગીઓ હોમાઈ ગઈ અને અસંખ્ય નોકરીઓ (જોબ્સ) છીનવાઈ ગઈ. બે અર્થશાસ્ત્રીઓના આર્થિક અવદશાના પૃથ્થકરણનો એકસરખો સૂર સૂચક છે. નોબેલ વિજેતા યુવાન અર્થશાસ્ત્રી પણ એક જ વાત કરી રહ્યા છે જે પૂર્વ વડાપ્રધાને પાંચેક મહિના અગાઉ કહી હતી. અભિજિત અને મમતાની અટક સરખી છે એટલે એ આવી ભાષા બોલી રહ્યા છે એમ માનવાની જરૂર નથી. એ એમની તજજ્ઞતાનો અભિપ્રાય છે. સરકારે એમના પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વગર એમની પાસેથી વર્તમાન અવદશામાંથી ઉગરવાનો રસ્તો જાણવાનો પ્રયાસ કરવો જોઈએ.

# પૂત્રવધુને દીકરી જેટલો જ પ્રેમ આપનાર પરિવાર સાચ્ચે જ અભિનંદનને પાત્ર છે




'પૂત્રવધુને દીકરી જેટલો જ પ્રેમ આપનાર પરિવાર સાચ્ચે જ અભિનંદનને પાત્ર છે.' જાણીતા લોકગાયક શ્રી અભેસિંહ રાઠોડે કાર્યક્રમ દરમિયાન મંચ પરથી કહ્યું.

'અભિવાદન સમારોહ અને લોકડાયરા કાર્યક્રમના નિમંત્રણમાં પણ પરિવારની લાડકી એવો જ શબ્દ પ્રયોજનો છે એ જ બતાવે છે કે આ પરિવાર પૂત્રવધુને દીકરી જ ગણે છે.' ઉપસ્થિત મહેમાનો પૈકીના કોઈએ કહ્યું.

હમણાં કલાકાર - વક્તા રુપે એક સામાજિક સમારોહમાં ભાગ લેવાનું થયું, આનંદનો અવસર હતો અને એમાં આપણાં શાસ્ત્રો - સત્સંગ ને સંસ્કારોનો સમન્વય હતો. વાત છે એવા પરિવારની, જેમણે એમના દીકરાની વહુ એટલે પુત્રવધૂના ઘરમાં આગમન બાદ એના ભણતરના ક્ષેત્રને હોંશે હોંશે આગળ વધાર્યું. આગળ વધુ અભ્યાસ માટે વાતાવરણ પુરું પાડ્યું અને જયારે એ પૂત્રવધુએ એક સિદ્ધિ મેળવી, ડીગ્રી મેળવી તો એનું જાહેર અભિવાદન કર્યું. અને એના નિમંત્રણમાં ક્યાંયે પૂત્રવધુ શબ્દનો ઉલ્લેખ ના કર્યો. અમારી દીકરી, અમારું ગૌરવ એ જ ભાવ અભિવ્યક્ત થયો.

એ દીકરીનું નામ ભાવિકા. મૂળ અમરેલી જિલ્લાના સુરતના રહેતા વસંતભાઈ અને હંસાબેનના પરિવારમાં એનો જન્મ થયો. લગ્ન ક્કી થયા અમદાવાદ સ્થિત હિતેષભાઈ ગૌદાની અને ભારતીબેનના પુત્ર વત્સલ સાથે. લગ્નના ત્રણ-ચાર દિવસ પહલો જ ભાવિકાએ સીએની ડિગ્રી હાંસિલ કરી. લગ્ન થયા પછી સાસરામાં પણ બધી વાતે સુખ હતું. એકવાર એના સસરાએ પૂછ્યું, 'બેટા, તમારે અમેરિકા સેટલ થવું છે?' ભાવિકા અને એના પતિએ ધ્યાનથી પૂરેપૂરી વાત સાંભળી અને આખરે સમજી વિચારીને હા પાડી. કાયદાકીય રીતે જે કાંઈ પત્રો ફાઈલ કરવાના હતા તે જે તે કેટેગરીમાં તૈયાર કર્યા.... ભાવિકાએ સીએની ઓફિસમાં જે કામ કરતી હતી તે કામને વિચાર આપ્યો અને પૂરો સમય અમેરિકાની સર્ટીફાઈડ પબ્લીક અકાઉન્ટન્ટની પરીક્ષાની તૈયારી કરી. કોરોનાની વૈશ્વિક પરિસ્થિતિના કારણે ભારતમાં સેન્ટર અપાયું અને પરીક્ષા આપી જેમાં એ પાસ થઈ ગઈ. આમ અમેરિકા સ્થાયી થવાના જાણે એમના માટે દ્વાર ખુલ્યા. વત્સલે પણ એક્સપોર્ટ ઈમ્પોર્ટનો વ્યવસાય શરૂ કર્યો. અનુકૂળતા મુજબ થોડા સમય પછી હવે બંને અમેરિકા જશે.

ભાવિકાના અભિવાદન સમારોહમાં એના સાસુ-સસરાએ જે આશીર્વાદ પત્ર આપ્યો એમાં લખ્યું છે કે 'તારો જીવન બાગ પારિવારિક સંસ્કારોથી મહેકતો છે, તારા જીવનમાં સત્સંગની દિવ્યતા છે, સાથોસાથ શિક્ષણ અને વ્યવહારિક જીવનમાં કોઠાસૂઝનો સમન્વય છે, તારા જેવી દીકરી બે કુળને અજવાળે છે એ અમારા માટે ગૌરવનો પ્રસંગ છે.'

આમ એક પૂત્રવધુની સિદ્ધિના પોંખયા થાય, વધામણા થાય અને એ સમયે ઓડિયો રેકોર્ડિંગના માધ્યમથી જાહેર અભિવાદન સમારોહમાં પરમપૂજ્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, એસજીવીપી અને પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, એસજીવીપીના આશીર્વાદ મળે, વિવિધ ધર્મસ્થાનોથી પ્રસાદીના હાર, માતાજીની ચુંદડી એને આશીર્વાદ રુપે અપાય ત્યારે સમાજ જીવનમાં એક નોખુ-અનોખું ભાવપૂર્ણ વાતાવરણ સર્જાય છે. ભારતીય સંસ્કૃતીમાં દીકરી પિયરમાં હોય ત્યાં સુધી તો માતાપિતાની પરી જ હોય છે, દરેક મા-બાપ પોતાની ક્ષમતાથી પણ વધુ રીતે દીકરીના તમામ મનોરથો પૂર્ણ કરવા પ્રયત્ન કરે છે, પરંતુ પરણ્યા પછી શ્વસુર પક્ષમાં પણ એને ઉચ્ચ અભ્યાસ માટે મોકળું વાતાવરણ મળે, એને પ્રોત્સાહન અપાય અને એની સિદ્ધિઓનું ગૌરવગાન થાય ત્યારે સ્વાભાવિકપણે આવી ઘટનાઓના સાક્ષી થનારને આનંદ થાય. દીકરી સાસરે જાય પછી એ તો એના સંસ્કારોના કારણે બધી વાતે સુખ જ છે એમ જ કહે પરંતુ એના માતાપિતાને જયારે આ શબ્દોમાં રહેલી સચ્ચાઈની અનુભૂતિ થાય ત્યારે 'હાશ' થતી હોય છે.

એક દીકરી પરણે છે ત્યારે પિયરના ઉછેરનું એ વાતાવરણ છોડીને નવા વાતાવરણમાં ગોઠવાય છે. એના સપનાઓને સંવર્ધન કરનાર શ્વસુર પક્ષના તમામ સભ્યો સાથે એ દૂધમાં સાકરની જેમ ઓગળી જાય છે અને પોતાના સહજ સ્વભાવથી પ્રેમ અને આનંદનો વિસ્તાર કરે છે ત્યારે એના પિયર અને સાસરા, એમ બંને પરિવારોમાં ગૌરવની લાગણી અનુભવાય છે, એથી જ તો દીકરી દુહિતા કહેવાય છે. સમાજ જીવનમાં, માનવીય સંબંધોમાં જયારે જયારે આવી ઘટનાઓ બને ત્યારે એનું ગૌરવ અનુભવાય છે અને વાત્સલ્યપૂર્ણ સંસ્કારોના દીવડાના અજવાળા રેલાય છે.

### દિન મહિમા

- સશસ્ત્ર સેના ધ્વજ દિવસ
  દેશની સુરક્ષા માટે પોતાનું સર્વસ્વ સમર્પિત કરનારા દેશના શૂરવીર સૈનિકો, દિવંગત સૈનિકોના પરિજનો તથા પૂર્વ સૈનિકો પ્રતિ આત્મીયતા અભિવ્યક્ત કરવા આજ રોજ સશસ્ત્ર સેના ધ્વજ દિવસ ઉજવાય છે.
- આંતરરાષ્ટ્રીય નાગરિક ઉડ્ડયન દિવસ
- પ્રમુખ સ્વામી મહારાજ જન્મજયંતિ

### આજનું ઔષધ

- ગળોનું વસ્ત્રગાળ ચૂર્ણ ૫૦૦ ગ્રામ, ગોળ ૮૦ ગ્રામ, ઘી ૧૦૦ ગ્રામના મિશ્રણને અમૃતરસ કહે છે. પુખ્તવયના માણસોને એક ચમચી અને બાળકોને અડદી ચમચી આ ઔષધ સવાર-સાંજ આપવાથી તેમ જ પથ્ય અને પરિમિત આકાર લેવાથી વાળની ધોળાશ, વૃદ્ધાવસ્થા, જવર, વીષમ જવર, પ્રમેહ, વાતરક્ત, નેત્રરોગ થતા અટકે છે. આ રસપાન પ્રયોગ કરનારને કોઈ રોગ જલદી થતો નથી.

### ખડખડાટ

સાલુ હવે એ નથી સમજાયું કે
આ કોરોના છે કે કોઈ 'આઈટી' કંપનીનું સોફ્ટવેર...
સાલું દર વ્રષે વર્ઝન અપડેટ થતું રહે છે...!!

### આજનો વોટ્સએપ

- ક્રોધના આવેશમાં માણસ કેવી રીતે વર્તે છે તેના પરથી તેમાં રહેલ મનુષ્યત્વની કિંમત થાય છે.
- વિચાર્યા વિના વાંચવું એ પચાવ્યા વિના ખાવા જેવું છે.
- ભૂલોની સાથે સંઘર્ષ કરવો એ જ જીવન છે.

# માનવીના હૈયે રમે છે એટલી બધી જ વાતો જો હોઠે આવતી હોત તો.....




"માનવીના હૈયે રમે છે એટલી બધી જ વાતો જો હોઠે આવતી હોત તો દરરોજના કો-પાંચસો જૂનો એક-એક શહેરમાં ઊજવાતા હોત."

'બીડેલા હૈયા' નવલકથામાં શ્રી ઝવેરચંદ મેઘાણીએ આ કડવી વાસ્તવિકતા લખી છે. વ્યક્તિ જે સાચું છે તે નથી જણાવતો, પણ સારું લાગે છે તે બોલે છે. વ્યાવહારિક સમાજમાં જીવવા માટે વ્યાવહારિકતાની ટર્મ્સ એન્ડ કન્ડિશન છે, તે સ્વીકારીને ચાલવાનો છે મહાવરો દરેક વ્યક્તિએ કેળવી લીધો છે.

ખરેખર વસ્તુસ્થિતિ એ છે કે માણસ સાવ નિખાલસ થવા માગે છે, પેટ છૂટી વાત કરવા ઈચ્છે છે. પ્રત્યેક માણસ ઢીલો છે, એ ક્યાંક ને ક્યાંક પોતાને ખાલી કરવા ઝંખે છે. ઢોળાઈ જવા તત્પર હોય છે, પણ મુશ્કેલી એ છે કે આ માટે યોગ્ય સ્થળ મળતું નથી અને અગાઉ જ્યાં જ્યાં પણ એણે પોતાના હૃદયની સત્યતા, મનનો ઉકળાટ, અંતરની છટપટાહટ, ખોલવાનો ગુનો કર્યો ત્યાં ત્યાં એણે થાપ ખાધી છે. એની આ નિખાલસતા, સરળપણાંનો કાં તો લાભ ઉઠાવવામાં આવ્યો છે અથવા તો તેની ખરાબ રીતે મજાક ઉડાવવામાં આવી છે. તેને હસી નાખવામાં આવ્યો છે.

પ્રત્યેક માણસને ક્યાંક વરસી પડવાનું ગમે છે, પણ ઉપર જણાવ્યું તેમ સમાજનો દંભી વર્ગ, એટીકેટવાળી સભ્યતાએ જ આ નિખાલસ, સંવેદનશીલ અને લાગણીશીલ માણસને ગણતરીબાજ, સંવેદનશૂન્ય અને રીઢો બનાવી દીધો છે. માણસે અસલ સ્વભાવ પર સંપૂર્ણપણે વ્યાવહારિકતાની પ્લાસ્ટીક સર્જરી કરાવવી પડે છે.

ભગવાને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે. તો તેને જીવવાનો અભિનય કરવા માટે કે પછી શિષ્ટાચાર પૂરો કરવા માટે નથી જીવવાનું. માણસ-માણસ સામે ખૂલી શક્તો નથી. ભગવાને મનુષ્યનો અમૂલ્ય અવતાર આપ્યો છે, સાચું બોલવાની બદલે સારું બોલવાની ટેવવાળો થયો ત્યારથી, ખોટું કરવાની વૃત્તિ વ્યક્તિમાં પ્રવેશી ગઈ છે.

કમકમાટીભર્યો ખૂનકેસ સમાચારમાં દેખાડાતો હોય ત્યારે અરેરાટી છૂટ છે, મરી ગયેલા શરીર ક્રમકમાટી જગાડે છે, પણ રોજ-રોજ સંસારના વ્યાવહારિકતા રૂપી અત્યાચારો વેઠી-વેઠીને અધમૂઆ થઈ ગયેલાઓની પરવા કરનાર કોઈ નથી. લાકડી, ખંજર, તલવાર કે બંદૂકથી ન થયો હોય તેવા પ્રહારને પ્રહાર ગણવા કોઈ તૈયાર નથી.

સંવેદનાઓ પરના પ્રહારો વેઠી લેવા એ આજના સમજુ માણસની મજબૂરી છે. અથવા તો એમ કહો કે આજકાલ સમજુ માણસની વ્યાખ્યા જ એ બની ગઈ છે. ચૂપચાપ તમાશો સહન કરવાનો અને જોયા કરવાનો. તેમાં ભાગ લેવો હોય તો મૂક પ્રેક્ષક બની રહેવાનું, પણ તેની વિરુદ્ધ તરફ પણ નીકાળશો તો પહેલો પથ્થર તમને વાગશે.

બાળપણમાં જ ચાની લારી પર કામ કરતા બાળકે નિર્દોષતા વટાવી ખાવી પડે છે. નાની ઉંમરે મોટા થઈ જવું તેના માટે જરૂરી છે, બાળપણની નિખાલસતા તેને પોસાય તેમ નથી, ને આથી જ સંજોગો તેની નિખાલસતાને પગ તળે કચડીને વ્યાવહારિક્તાનો રસ્તો સાફ કરી આપે છે. બાળપણને શાણપણ વટાવી ખાય છે.

ગામડાંના ખેડૂતની નિખાલસતાનો શહેરનો વેપારી લાભ લઈ જાય છે. ભોળા કિસાનની મહેનત પ્રમાણે ભાવ આપતો નથી. ખેડૂતને છેતરીને તે વેપારી તેની પાસેથી ધાન્ય જ નહીં તેની નિખાલસતા પણ ચોરી લે છે. પછી ખેડૂત પણ શાણો બનીને વ્યવહારું સમાજમાં ઢળવા માંડે છે, તેની પાસે બીજો રસ્તો જ નથી.

એક સંવેદનશીલ અને સિદ્ધાંતનિષ્ઠ શિક્ષકનો આદર્શ અને તેની લાગણી એ છે કે બાળકોને ખરા અર્થમાં સરસ્વતીની સાધના શીખવવી પણ તેની આ ભાવનાને લુચ્ચા સંચાલકો દૂધ-પીતી કરી દે છે, અને પછી ગણતરીબાજ ટ્યૂશનિયા શિક્ષકનો જન્મ થાય છે. શાળામાંથી ગુજરાન ચાલે તેટલો પગાર ન મળતો હોવાથી પ્રેક્ટિકલ રસ્તો અપનાવીને તે ટ્યુશનને રવાડે ચડે છે.

સાત્ત્વિક અને શ્રદ્ધાળુ ભક્તને ઢોંગી ધર્મગુરુઓ વટલાવી નાખે છે. નિખાલસ માણસને નિખાલસ બનવા બદલ પસ્તાવું પડે એવા આપણા સમાજમાં, ધાર્મિકતાના નામે દંભનો જે દૌર ચાલ્યો છે તેનાથી સાચા ભક્તની બદલે સ્વાર્થી અને પ્રોફેશનલ એટીટ્યૂડવાળી ભક્તની વર્ણસંકર કેટેગરી ઉત્પન્ન થઈ છે.

'કિસીકો કુછ ન બતાઓ, કિસી સે કુછ ન કહો,
સભી સે ખુદ કો છુપાઓ, કિસી સે કુછ ન કહો.
- શીન કાફ નિઝામ

કોઈને કશું જ નહીં કહેવાનું, કારણકે અહીં કોણ ક્યારે 'બ્રૂટ્સ' બનીને પીઠ પર ઘા કરશે તે કહેવું મુશ્કેલ છે અને આથી જ માણસ હવે ઉઘડતો નથી. ચોમાસામાં હજી પણ ક્યારેક ઉઘાડ નીકળે છે, પણ માણસનો ઉપાડ નીકળવો મુશ્કેલ છે.

અહીંયા એક બાજુ માતા-પિતા બાળકને સત્યના પાઠ શીખવે છે અને એ જ પિતા જયારે સંતાનને કહે છે કે, 'બેટા! જો ઓફિસથી ફોન હોય તો બોસને કહી દે જે ” 'પપ્પા કહે છે કે પપ્પા ઘરે નથી.” પણ આવું તો જોકમાં જ બને છે, ખરેખર તો જૂઠના અને અસત્યના પાઠ ભણતો તે બાળક આબાદ રીતે અસત્ય બોલતા શીખી જાય છે.

સાચું નહીં બોલવાનું સારું બોલવાનું. આપણે ત્યાં માખણનો ઉપયોગ જેટલો ખાવા માટે નથી થતો એટલો તો લગાવવા માટે થાય છે, અને જે લગાવી જાણે છે તે જ આગળ ધપે છે. બટર-પોલિશ કરતા ન આવડે તો બૂટ-પોલિશ કરવાનો વારો આવે છે. જેવા બનવું નથી પણ બનવું પડે તે વ્યવહારિકતા.

- jayuoza@gmail.com,
Mo.9898046488


# સૌમ્ય સર્જક પિનુભાઇના આત્મબળ અને ખુમારીની પણ નોંધ લેવી ઘટે




ગુજરાતી સાહિત્યિકના પ્રાચિન, મધ્યકાલીન અને અર્વાચિન તબક્કાઓ પૈકી થોડુ મધ્યકાલિન અને થોડું અર્વાચિન તબક્કામાં યોગદાન આપ્યું છે એવા એક સર્જકની કહાની છેડવી છે. નામ એમનું પિનાકીન ઉદયલાલ ઠાકોર. આ સર્જકે ગુજરાતી સાહિત્યકાશમાં અમીટ છાપ છોડી છે. પિનાકીનભાઈ ઠાકોર 'પિનુભાઈ'ના નામે સાહિત્ય સર્જકોના પ્રિયપાત્ર રહ્યાં છે. ત્રણ સાડા ત્રણ દાયકા સુધી બુધસભામાં પિનુભાઈ સાતત્યપૂર્ણ રીતે હાજર રહ્યા. કવિ હર્ષદ ત્રિવેદી કહે છે કે, એ સમયે એમના જેવા નવસર્જકો પિનુભાઈને 'પીઠાધિશ્વર' કહેતા. અત્યંત વિપરીત કારણો સિવાય પિનાકીનભાઈએ કોઈ બુધવારની બુધસભામાં ન ગયા હોય એવું બન્યું જ નથી. ઠંડી હોય કે ધોધમાર વરસાદ પિનાકીનભાઈ બુધસભામાં હોય જ. ગુજરાત સાહિત્ય પરિષદના મંત્રી અને કોષાધ્યક્ષ તરીકે પિનુભાઈએ અવિસ્મરણીય સેવા આપી છે.

ઓકટોબર તારીખ ૧૦, ૧૯૧૬માં બ્રહ્મદેશના મ્યોંગ્મ્યો બંદરે જન્મેલા આ સર્જક ગર્ભશ્રીમંત હતા. તેમના પિતા ઉદયમલનો જરઝવેરાતનો વેપાર હતો. બર્મામાં એમનું બાળપણ વિત્યું. માતા સરસ્વતીના ખોળામાં એમણે ભજનો સાંભળી મા સરસ્વતીના ખોળે એટલે કે કલમના ખોળે આજીવન સાહિત્ય સર્જન કર્યું. રંગૂનમાં પટેલ પરિવારોની બહેનોના કંઠે સાંભળેલા અઢળક લોકગીતોના માધ્યમથી પિનાકીનભાઈનું કવિત્વનુ પોત ઘડાયુ છે. વસુમતી કાકીના અવસાન વેળા પહેલીવાર એમણે મરશીયા સાંભળ્યા. આ ઘટના પિનાકીનભાઈના હૃદયમાં ખૂબ ઊંડે ઊતરી ગઈ હતી.

ત્યારબાદ તો યુવાન પિનાકીનભાઈના માનસપટ ઉપર જીવનના રહસ્યો અને મૃત્યુની વાસ્તવિકતાનું સતત ચિંતન રમ્યા કરતું. આ મનન અને ચિંતનના પરિણામ સ્વરૂપે એમના સાહિત્ય સર્જનમાં સ્નેહ અને પ્રેમના સૌંદર્યનું મેઘધનુષ રચાતુ ગયું. પિનાકીનભાઈ અને કવિ રાજેન્દ્રભાઈ શાહની મૈત્રી ઉલ્લેખનીય છે. રાજેન્દ્રભાઈનો વર્ષ ૧૯૫૧માં પ્રથમ કાવ્ય સંગ્રહ 'ધ્વની' આવ્યો અને પિનાકીનભાઈનો પ્રથમ કાવ્ય સંગ્રહ 'આલાપ' વર્ષ ૧૯૫૨માં આવેલો. લગભગ એક જ વર્ષ બંને સર્જકોના કાવ્ય સંગ્રહ પ્રગટ થયાં. અને મજાની વાત એ પણ છે કે, બન્ને સંગ્રહના શીર્ષકો સંગીતની પરિપાટીમાંથી ઉદભવ્યા 'ધ્વની” અને 'આલાપ”. કવિ હર્ષદ ત્રિવેદીના શબ્દોમાં કહીએ તો 'પિનુભાઈની કવિતામાં જૈ સૌહાર્દસભર પ્રેમ છે, રાષ્ટ્ર પ્રત્યે અહોભાવ અને આશા છે, અદીઠ-અપાર્થિવ પ્રેમની અભિપ્સા છે કે અંગત લાગણીઓની જે આર્જવાણી છે તેની સુન્દરમ, ચં.ચી. મહેતા, અનંતરાય રાવળ, હીરાબહેન પાઠક, જયંત પાઠક તથા રઘુવીર ચૌધરી સહુ વિદ્વાનોએ ઉચિત નોંધ લીધી છે.”



સર્જક પિનાકીનભાઈ ઠાકોરનું વ્યક્તિત્વ બહુમુખી હોવાની સાથે સાથે બહુગુણી પણ હતું. બહુમુખી પ્રતિભાની વાત કરીએ તો માનસપટ ઉપર એક ઉમદા સાહિત્ય પદ્ય અને ગદ્ય સર્જક ઉપરાંત કૃષિ સ્નાતક, સંગીત વિશેષજ્ઞ, ચિત્રકાર, નૃત્યકાર, નાટ્યકાર, સ્ક્રીપ્ટ રાઈટર, ડાયરેકટર તરીકે પિનાકીન ઠાકોરની છબી ઊભરી આવે. અને જ્યારે બહુગુણી પ્રતિભા કહીએ ત્યારે સદાચારી, પાક્કા ગાંધીયન, સરળ, મૃદુભાષિ, વિવેકી, સદગુણી, સ્વાશ્રયી, નિરાભિમાની પણ અટલ ખુમારીવાળુ વિરાટ વ્યક્તિત્વ પિનાકીનભાઈમાં દેખાય.

પિનાકીનભાઈ ગાંધી રંગે સંપૂર્ણ રીતે રંગાયા હતા. એમણે આજીવન ખાદીના વસ્ત્રો જ પહેર્યા. ખાદી પણ હાથ વણાટની જાડી ખાદી એ પહેરતા. સ્વાશ્રયી એટલા કે એમણે જીવનભર કોઈની પાસે પીવા માટે પાણીનો ગ્લાસ સુદ્ધા નહિ મગાવ્યો હોય. પોતાના કપડા આજીવન એમણે જાતે જ ધોયા છે. એમના ત્રણેય પુત્રોને એમણે માધ્યમિક શાળા સુધી ખાદીના કપડા પહેરાવ્યા. કોલેજમાં બાળકો આવતા એમણે કહ્યું, 'હું તો ખાદી જ પહેરીશ, પરંતુ તમારે હવે જે પણ કપડા પહેરવા હોય તે પહેરવાની છૂટ છે.” મજાની વાત એ છે કે, આજે તો દેશ વિદેશની અનેક બ્રાંડના કપડા મોલમાં મળતા થયાં છે ત્યારે પણ એમના ત્રણેય પુત્રો દર્શિતભાઈ, અશેષભાઈ અને રાજદુલારભાઈ પિતાના નકશે કદમ ઉપર ચાલ્યા અને આજે પણ ખાદી ભંડારમાંથી જ ખાદીના વસ્ત્રો ખરીદીને પહેરે છે.

સૌમ્ય અને સરળ સ્વભાવ ધરાવતા પિનાકીન ઠાકોરના આત્મબળ અને ખુમારીની પણ નોંધ લેવી ઘટે. સ્વાતંત્ર્ય સંગ્રામની વેળાનો એક કિસ્સો છે. સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન પિનાકીનભાઈના નિવાસસ્થાને નિયમિત રીતે મોડી રાત સુધી પત્રિકાઓનું મુદ્રણ થતું અને વહેલી સવારે એ વિતરીત થઈ જતી. બ્રિટીશ સરકારને આ અંગેની બાતમી મળી ગઈ. એક દિવસ પોલીસની રેડ પડી. સ્વાતંત્ર્ય વીરોએ એ સમયે અમુક વ્યક્તિઓના નામ સુનિશ્ચિત કરેલા કે, એ લોકોએ ક્યારેય પોલીસના હાથમાં ન આવવું. પિનાકીનભાઈ એ પૈકીના એક હતા. પોલીસને આવતી જોઈને એમણે બારીમાંથી છલાંગ મારી બાજુવાળાના ઘરના છાપરે કૂદી ગયા. પોલીસ પણ એમની પાછળ પહોંચી ગઈ અને બારીમાંથી બંદુક તાકીને પિનાકીનભાઈને ઊભા રહી જવા માટે આદેશ આપ્યો. પણ ખમીરવંતા આ સર્જકના માથે તો આઝાદીનું ભુત સવાર હતું. પોલીસના હુકમની અને ગોળી ખાવાની પરવા કર્યા વગર બીજી એક વિરાટ છલાંગ મારીને એ ત્યાંથી ભાગી છૂટ્યા.

સ્વાતંત્ર્યવીર પિનાકીન ઠાકોર ઉપરથી સાહિત્ય સર્જક પિનુભાઈની વાત ઉપર પાછા આવીએ. એમના સાહિત્ય સર્જનની વાત નિકળે એટલે આલાપ (૧૯૫૨) રાગીણી (૧૯૬૬), ઝાંખી અને પડછાયા (૧૯૭૧) શ્રી લકુલીશ સ્મરણયાત્રા (૧૯૭૨) ફોરા અને ફૂલ-બાળ કાવ્યો (૧૯૭૬), ભીના શબ્દો (૧૯૮૨), આશિષ મંગલ (૧૯૮૨), એક જ પલક અજંપ (૧૯૮૮) અને ઝલક (૨૦૦૦) માનસપટ ઉપર તરવરવા લાગે. મજબુત બાંધાનું ભારે શરીર પણ હળવુફુલ વ્યક્તિત્વના ધરાવતા પિનુભાઈની ગીત રચનાઓ અનન્ય રહી. પિનાકીનભાઈની છાંદસ રચનાઓ શિખરિણી, વસંતિલકા, અનુષ્ટુપ, ઈન્દ્રવજા , મંદાક્રાંતા સહિત ઓછા પ્રચલિત છંદો અને એના સામંજસ્યમાં વિહરતી જોવા મળી છે. હર્ષદભાઈ સાચુ જ કહે છે કે, 'પિનાકીનભાઈની કવિતાઓ હૈયામાંથી જાગેલી છે ને જાગેલા હૈયામાં હંમેશા રહેવાની છે.”

એમની ૨૬મી પુણ્યતિથિ પ્રસંગે ઓમ કોમ્યુનિકેશન દ્વારા પિનાકીનભાઈની કાવ્ય સર્જન યાત્રા ઉપર કવિ હર્ષદભાઇ ત્રિવેદીના મનનીય વક્તવ્યનો કાર્યક્રમને સર્જકો અને ભાવકોએ મનભરીને માણ્યો. ઓમ કોમ્યુનિકેશનના મનિષભાઈને દાદ આપવી ઘટે કે, એ પ્રતિમાસ ગુજરાતી સાહિત્યસર્જકો પૈકી એક સર્જકની વાત ઉજાગર કરી નવી પેઢીને અવગત કરે છે.

પિનુભાઈ સુપેરે જાણતા હતા કે, સાહિત્ય સર્જન એ સમાજ જીવન સાથે અભિન્ન રીતે સંકળાયેલી ઉમદા પ્રવૃત્તિ છે. એટલે જ એમના ગીતો અને કાવ્ય સર્જનમાં લોક જીવનની લાગણીશીલતા, વિવિધ નવતર વિચારો, ભાવનાઓ, આંતર સંબંધો અને સંઘર્ષો જોવા મળ્યા છે. એમના સર્જને ભાવકોના માનસપટ ઉપર અમીટ છાપ છોડી છે. પિનુભાઈની સર્જનયાત્રા જોતા સ્પષ્ટ લાગ્યા વગર ન રહે કે, સાહિત્ય સર્જનના એકે એક શબ્દની નિસ્બત એના ભાવકો સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલી હોય છે. પિનુભાઈએ એમની પ્રત્યેક રચનાના કેન્દ્રમાં ભાવકો અને ભાવકના પથદર્શનને જ પ્રાધાન્ય આપ્યું છે. કવિતા સ્વયં એક અત્યંત રમણીયતા ધરાવતુ મનમોહક ક્ષેત્ર છે. કાવ્યની રસાળતાના કારણે જ તેમાં ઈશ્વરના અદભુત સૌંદર્ય, જીવનના નવ રસ અને અલૌકિક આનંદની ત્રીવેણી મળે છે. એ વાત તો નિર્વિવાદ છે કે, કાવ્ય માનવીના હૃદયની ઉર્મીઓને ઝંકૃત અને જાગૃત કરવાનુ કામ કરે છે.

**ધબકાર :**

કાવ્ય સર્જન એ માત્ર શબ્દોની કરામત કરતા ક્યાંય વધારે માનવીના જીવનના મર્મને દર્શાવતી ગંભીર જવાબદારીનુ વહન કરવાની બાબત છે.

**(સંદર્ભ : પિનાકીનભાઇ ઠાકોરના પુસ્તકો, કવિ હર્ષદ ત્રિવેદીનુ તા. ૨૪-૧૧-૨૦૨૧નુ વક્તવ્ય, પિનુભાઇના પુત્ર શ્રી રાજદુલાર ઠાકોરની હસ્તપ્રત)**